

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

સત્તાના કુંડાળે માત્ર અમે જ ગરબા લેશું !
માર્શલોથી મારીકૂટી અમે જ ગરબા લેશું !
ચઢ્યા છે ચંડમૂંડ રવાડે, ભૂલ્યા છે મા ને -
વિરોધીઓને હાંકી કાઢી, અમે જ ગરબા લેશું !

હાઈકુ

ચાલે છે સત્તા
રાખ્યું અમારું નામ -
'ગબ્બર' ગોખ
(ગરબા નહીં કરવા દઈએ ! હુંકાર)

આપો પ્રવેશ -
બે ડોઝ વાળાને જ -
લ્યો પોઝિટિવ!
(૧૮ + કરો સફળ)

### ચિંતન

વ વેત્તિ યો યસ્ય ગુણ પ્રકર્ષ સ
તં સદા નિન્દતિ નાત્ર ચિત્રમ્ ।
યથા કિરાતી કરિકુમ્ભલભ્યાં મુક્તાં
પરિત્યજ્ય બિભર્તિ ગુજ્જમ્ ॥

ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

કોઈ માણસ જે અન્યના સદ્ગુણો જાણતો નથી, તે સદા તેની નિંદા કરતો હોય તેમાં કંઈ નવાઈ નહીં, દાખલા તરીકે, વનમાં વસતી ભીલ નારીઓ હાથીના ગંડસ્થળમાંથી મળતાં મોતી છોડી દઈને સાવ મામૂલી ચણોઠીના ઘરેણા પહેરવાનું પસંદ કરે છે.

(મોતી હાથીના ગંડસ્થળમાંથી મળે છે એવી જૂની માન્યતા હતી)

### સુવિચાર

- અપને સપનોં કા હર હાલ મેં જિન્દા રખિયે,
  અગર આપકે સપનોં કી ચિનગારી બુઝ ગઈ હે, તો ઈસકા મતલબ યહ હે કિ આપને જીતે જી આત્મહત્યા કરલી હૈ - **રાજીવ દિક્ષીત**
- પાડોશીના છોકરાને ધાકમાં રાખવા માટે જે
  માણસ પોતાના બગીચામાં ઝેરી સાપ છૂટા રાખે તે મહામૂર્ખ છે - **ચીની કહેવત**
- બુરાઈને ઝેર કરવાનું સહુથી સચોટ અને સફળ હથિયાર અપ્રતિકાર છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ભયથી જે ભગવાન ભજે છે તે શેતાન આવે તો તેને પણ ભજશે - **ટોમસ ફુલર**
- જે બોલીએ છીએ તે વાવીએ છીએ, જે સાંભળીએ છીએ તે લણીએ છીએ - **સુપાર્શ્વ મહેતા**
- પ્રામાણિક માણસનું મૂલ્ય હોય છે, ભ્રષ્ટ માણસની કિંમત હોય છે - **હીના કુલાલ**
- આજનું ઔષધ : કેળના વૃક્ષને કેળ કહે છે, કોઈ પણ પ્રકારનું વિષ પેટમાં ગયું હોય તો કેળના સ્તંભનો રસ એક ગ્લાસ ભરીને પીવાથી ઝેર પેશાબ અને મળ દ્વારા નીકળી જાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

### બોધકથા

નવી નવી પરણીને વહુ આવી. ઘરના વડીલ એવા ભાભા ફળિયામાં બેસીને હુક્કો પીવે અને રોજ રોજ નવા નવા આદેશો આપે. 'બેટા, ચા લાવજો, ત્રાંબાના લોટામાં ગરમ પાણી અને સ્ટીલના લોટામાં માટલાનું પાણી લાવો. હુક્કો ભરજો. સવારે નાસ્તો ગરમાગરમ આપજો, બપોરે જમવામાં ઊંધીયું પુરી બનાવજો. બપોરે મહેમાન આવવાના છે માટે સરખા કપડા પહેરીને બહાર આવજો. ઘૂમટો લાંબો ખેંચજો, મારી સવારની ચામાં આદુ નાખજો, બપોરે ઉકાળો બનાવજો...' વગેરે... વગેરે... વહુ બિચારી ચુપચાપ આદેશનું પાલન કર્યા કરે તોય ભાભો એમની ભૂલો કાઢ્યા કરે, 'ચા માં ખાંડ ઓછી છે. ન્હાવાનું પાણી બરાબર ગરમ કરીને નથી આપતા. ખિચડીમાં પાણી કેમ વધારે નાખ્યું છે.'

બે - ત્રણ મહિના વહુ ચૂપ રહી. પછી ખરેખર એમણે ભાભાની ચા માં ખાંડ ઓછી નાખવાનું શરૂ કર્યું. રસોઈ ફિક્કી બનાવવા લાગી. અને એક દિવસ ઘૂમટો ખોલીને વાત કરવા લાગી, ભાભા ધૂંધવાઈ ઉઠ્યા : 'વહુ, આ શું છે. બધું ? પાડોશમાં રહેતા સમજુ માજી આ તમાશો રોજ જોતા હતા. તેમણે એ દિવસે વહુનો પક્ષ લઈને ભાભાને કડક અવાજમાં કહ્યું, 'ભાભો ભારમાં રહે તો વહુ લાજમાં રહે.''

ભાભાને વાસ્તવિકતા સમજાઈ.

# અફઘાનિસ્તાન વિશે આખી દુનિયા અવઢવમાં

તંત્રીસ્થાનેથી...

કોરોના જેવી વૈશ્વિક સમસ્યાને પણ આંટી મારીને તાલીબાને આખી સૃષ્ટિને આતંકિત કરી રહ્યા છે. મહાસત્તાઓ કોરોના સામે ઘૂંટણિયે પડી ગઈ હતી એમ તાલિબાન આગળ પણ લાચાર થઈ ગઈ છે. અમેરિકાએ તો થાકીને હાથ ઊંચા કરી દીધા અને અત્યાર સુધીની અફઘાનિસ્તાનને આધુનિક લોકશાહીમાં તથા સમૃદ્ધ રાષ્ટ્રમાં ફેરવવાની એની બધી જ મહેનત પાણીમાં ગઈ છે. જો બાઈડેન પર અમેરિકનો જ ફીટકાર વરસાવી રહ્યા છે, જો કે બાઈડેનને એની પરવા નથી. એમણે ઠંડા કલેજે સુનિશ્ચિત કાર્યક્રમ મુજબ અમેરિકન સેના પરત બોલાવી લીધી છે અને અફઘાનિસ્તાનને એના નસીબ પર છોડી દીધું છે. અમેરિકાની છત્રછાયા હેઠળ અફઘાનિસ્તાનમાં લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકારનું નેતૃત્વ કરતાં સૌમ્ય નેતા અશરફ ગની પહેર્યા લૂગડે ભાગ્યા હોવાનું જાતે કબૂલી રહ્યા છે. રશિયાએ અને તાલિબાનોએ એમને અઢળક ખજાનો લઈને દેશ છોડી ગયા હોવાનો ઈલજામ લગાવ્યો છે. પરંતુ ગનીએ એમના આશ્રયદાયા સંયુક્ત આરબ અમીરાતના આંગણેથી નિવેદન આપી કહ્યું છે કે હું તો બૂટ પહેરવા પણ નહોતો રોકાયો. સ્લીપરો સાથે નાઠો છું ત્યાં ખજાનો કેવો ને વાત કેવી ! કરાર મુજબ તાલિબાનોએ કાબુલમાં પ્રવેશવાનું નહોતું; પણ તેઓ એકાએક ધસી આવ્યા. ત્યારે જીવ બચાવીને ભાગ્યા વગર છૂટકો નહોતો. વળી જો હું મહેલમાં રોકાયો હોત તો કાબુલમાં ભારે રક્તપાત થાત. અફઘાન સૈનિકો અને તાલિબાનો સામસામે આવી જાત જેથી પ્રજાનો કચ્ચરઘાણ વળી જાત. મેં ભાગી જવાનો નિર્ણય પ્રજાના હિતમાં કર્યો હતો. પૂર્વ રાષ્ટ્રપ્રમુખને પાકી ધાસ્તી હતી કે અગાઉ લોકશાહી ઢબે ચૂંટાયેલા રાષ્ટ્રપ્રમુખ ડૉ. મોહંમદ નજીબુલ્લાહની જેમ તાલિબાનો પોતાને પર જાહેર ચોક વચ્ચે ફાંસીએ લટકાવી દેત. ગની આ મુદ્દે તો સાચા લાગે જે. દુબઈમાં એમને માનવતાના ધોરણે આશ્રય અપાયો છે, પરંતુ તાલિબાન શાસન તો એમને પોતાના ગુનેગાર અને દેશદ્રોહી ગણાવીને પરત માગશે જ. ગની સમજે છે કે દેશમાં પાછા ફરવાનું જોખમ લેવા જેવું નથી. છતાં લાફા મારીને ગાલ રાતા રાખતાં એવું નિવેદન કરે છે કે પોતે વતનમાં પાછા ફરવા ચર્ચા ચલાવી રહ્યા છે. 'સુધરેલા' તાલિબાન દુનિયા સમક્ષ પોતાની ઊજળી છાપ ઊભી કરવા પૂર્વ રાષ્ટ્રપ્રમુખને સુરક્ષાનું વચન આપી પાછા આવવા દે એવી શક્યતા પણ છે. આખરે નવા શાસન-પ્રશાસનને વૈશ્વિક સમુદાયના સહયોગની જરૂર તો છે જ. ભારત છેલ્લા વર્ષો દરમિયાન પાકિસ્તાન કરતાં અફઘાનિસ્તાનને વધુ નજીકનું મિત્ર રાષ્ટ્ર લાગતું હતું. હવે એ સ્થિતિ બદલાઈ ચૂકી છે. તાલિબાની શાસન ચીન-પાકિસ્તાનના બગલબચ્ચા તરીકે ચાલશે અને રશિયા - ઈરાન જેવા દેશો ઉપરાંત કદાચ સાઉદી અરબ જેવાં ઈસ્લામિક રાષ્ટ્રોનો પણ એને ટેકો મળશે. ભારત હાલ પૂરતું તો અફઘાનિસ્તાનથી સાવ જ વિખૂટું પડી ગયું છે. બે દેશો વચ્ચેનો સદીઓ ચાલ્યો આવતો વેપાર પણ બંધ થઈ ગયો છે. જો કે અફઘાનિસ્તાનને આર્થિક રીતે ટકવું હશે તો ભારત જેવું મોટું માર્કેટ ગુમાવવું પોસાસે નહીં. પરંતુ અત્યારે તો સત્તાભૂખ્યા તાલિબાનો પાકિસ્તાનના દોરવાયા જ દોરવાશે એમાં શંકાને સ્થાન નથી. ભારતે હિંદુ-શીખ સમુદાયને આશ્રય આપવાની તૈયારી દાખવી છે. અને એમની સુરક્ષા માટે પણ નવા શાસન-પ્રશાસનને અપીલ કરી છે. દીકરીઓ અને સ્ત્રીઓને ભણવાથી લઈ કામ કરવાના અધિકારો પરત્વે વિશ્વના ૨૧ દેશોએ ખુલ્લી રજૂઆત કરી છે, પરંતુ તાલિબાન એના જુનવાણી ખ્યાલો છોડવા તૈયાર થાય એ વાતમાં માલ નથી. ભારતમાં જ કેટલાક તત્ત્વો તાલિબાની વિચારધારા ધરાવે છે જેમને ઈસ્લામિક કટ્ટરવાદ સાથેના સત્તાપલટાથી અપાર આનંદ થયો છે. આવાં તત્ત્વોથી પણ દેશ સાવધ રહે તે જરૂરી છે. ઈસ્લામિક કટ્ટરવાદનો એક ચહેરો અલદાયકાનો સર્વેસર્વા ઓસામા બિન લાદેન હતો, બીજો ઈસ્લામિક સ્ટેટનો ખૂંખાર નેતા અબુ બકર હતો. આવાં રાક્ષસી તત્ત્વો સામે આખી ઈન્સાની આલમે એક થવાની જરૂર છે, જેમાં રાજકારણ અને સત્તાકારણ કે અર્થકારણ જેવી બાબતો આડી આવતી રહે છે.

# ભાઈ-બહેનની પહેલી જોડી!



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા



નર્મદા નદીને કિનારે ભૃગુકચ્છ (ભરુચ). અહીં અસુરરાજ બલીનું શાસન હતું. એનામાં પરાક્રમ અને દાનવૃત્તિ બંને અતિશય. એ રીતે જ એની લોકમાં પ્રતિષ્ઠા હતી.

એણે દેવોને હરાવ્યા. સ્વર્ગમાં રાજય મેળવ્યું. દેવો દુ:ખી હતા. ભગવાન વિષ્ણુએ એમના માટે ઉપાય કર્યો.

એકવાર બલીરાજ યજ્ઞમાં બેઠા હતા. નિયમ એવો - 'એ વખતે જે કોઈ આવે અને જે માગે તે આપી દે.' એણની પાસે એક વામન આવ્યા. બ્રહ્મચારી વામનનું રાજાએ સ્વાગત કર્યું. અને પ્રસ્તાવ મૂક્યો - 'જે જોઈએ તે માગી લે.' બલીરાજના આચાર્ય શુક્રાચાર્ય હતા. એણે અટકાવ્યા - 'આમાં કોઈક કાવતરું છે.' રાજાએ કહ્યું - 'આ કોણ છે, એ મારે ન જોવાય કહ્યું, એટલે આપવાનું બલીનાં પત્ની વિંધ્યાવલિ હતા. એણે પતિનું સંમર્થન કર્યું. રાજાએ ભૂમિદાનનો સંકલ્પક ર્યો. વામનને પગલાં ભરવાનું કહ્યું.'

વામને હવે પોતાનું સ્વરુપ વિરાટ કરી નાખ્યું. પ્રતીતિ થઈ ગઈ .'વામન શ્રી વિષ્ણુ હતા. એમણે એક પગલામાં પૃથ્વી માપી, બીજામાં અંતરીક્ષ, ત્રીજું પગલું ઉઠાવ્યું અને બલીને પછ્યું, 'આને ક્યાં મુકું' રાજે પગે પડ્યા, માથું નમાવ્યું. 'મારે મસ્તકે કોઈ પણ સંપત્તિ કરતાં એ વધુ મહાન છે.' વિંધ્યાવલિ એ પણ વિનંતી કરી ભગવાને પોતાનો શ્રીચરણ રાજાનાં મસ્તકે મૂક્યો.

રાજાએ હવે પાતાળમાં રહેવાનું હતું. પરંતુ ભગવાન એનાથી પ્રસન્ન હતા. એ સાથે આવ્યા. એ બલિરાજને દ્વારે દ્વારપાળની સેવા બજાવતા લાગ્યા.

આ સમય દરમિયાન ભગવતી લક્ષ્મી અને બલરાજ પરિચયમાં હતા. બંનેને ભાઈ-બહેન જેવા હેતપ્રીત થઈ ગયાં હતા.

લક્ષ્મીને શ્રી વિષ્ણુ વિના ગમતું ન હતું. એકવાર એણે ઉપાય કર્યો. તે દિવસે શ્રાવણ માસની પૂનમ હતી. એમણે પૂજાસ્થળમાંથી નાડાછડી લીધી. એ બલી પાસે આવ્યા અને જમણે કાંડે એને બાંધી અને કહ્યું. 'ભાઈ ! તારું કલ્યાણ હજો' ભાઈ ખૂબ પ્રસન્ન થયાં. એણે લક્ષ્મીને 'રક્ષા'નું વચન આપ્યું. ત્યારથી આ સૂત્રનું નામ જ 'રક્ષા' 'રાખડી' પડી ગયું. ભગવતીએ સંકોચ સાથે કહ્યું, 'એમના સિવાય કોણ રક્ષા કરી શકે ? આમ પણ એમના સિવાય મને ગમે નહિ.' બલીએ સરસ સ્મતિ આપ્યું અને શ્રી વિષ્ણુને મુક્ત કર્યા.

ત્યારથી શ્રાવણી પૂનમે રક્ષાબંધનની શરૂઆત થઈ, ત્યારથી બીજી પણ એક શરુઆત થઈ.

પુરોહિત આચાર્ય, યમરાજને નાડા છડી બાંધે, ત્યારે બોલે -

યેન બદ્ધો બલિ રાજા દાનવેન્દ્રો મહાબલ ।
ત્વામભિધ્નાભિ રક્ષે માચલ માચલ ॥

'જેનાતી ભારે શક્તિશળી અસુરરાજ બલી પણ બંધાયા હતા; તેનાથી તને બાંધું છું. હે રક્ષા ! તું પણ આની પાસેથી જઈશ નહિ. ન જઈશ.'

આ રીતે આચાર્ય, યમજાનનું રક્ષણ માગી લે છે.

# શામળાજી પાસે કઈ નદી પર બંધ બાંધવામાં આવેલ છે?



ખજાનો
અનિલ પટેલ

## ગુજરાતની ભૂગોળ

૧ મીઠાના ઉત્પાદનમાં ગુજરાત કયા નંબરે છે?
(અ) ૧ (બ) ૨
(ક) ૩ (ડ) ૪

૨ કયા જિલ્લામાં ખારાપાણીમાંથી મીઠુ પાણી બનાવવાનો સૌર નિષ્યંદન પ્લાન્ટ નાખવામાં આવ્યો છે ?
(અ) કચ્છ (બ) ભાવનગર
(ક) સુરત (ડ) ભરુચ

૩ હીરા ભાગોળ કયા શહેરમાં આવેલ છે ?
(અ) વડનગર (બ) ડીસા
(ક) ડભોઈ (ડ) જેતલપુર

૪ ડીઝલ એન્જીન બનાવવા માટે કયુ શહેર પ્રખ્યાત છે ?
(અ) જામનગર (બ) ભાવનગર
(ક) અમદાવાદ (ડ) રાજકોટ

૫ કચ્છમાં લિગ્નાઈટ આધારીત વિજ મથક કયાં આવેલું છે?
(અ) લખપત (બ) નલિયા
(ક) પાન્ધ્રો (ડ) મુંદ્રા

૬ જહાજ ભાંગવાનું મથક અલંગ કયાં જિલ્લામાં આવેલું છે?
(અ) ભાવનગર (બ) અમરેલી
(ક) જૂનાગઢ (ડ) દેવભૂમિ દ્વારકા

૭ ગુજરાતની સૌથી મોટી સેન્ટ્રલ લાઈબ્રેરી કયાં આવેલી છે ?
(અ) અમદાવાદ (બ) વડોદરા
(ક) રાજકોટ (ડ) ભાવનગર

૮ ગુજરાતનું પ્રથમ ટીવી. કેન્દ્ર કયું ?
(અ) અમદાવાદ (બ) નડીયાદ
(ક) પીજ (ડ) દ્વારકા

૯ કાનમ પ્રદેશ કયાં આવેલો છે ?
(અ) પંચમહાલ (બ) વડોદરા
(ક) ગાંધીનગર (ડ) ખેડા

૧૦ ઘૂડખર અભ્યારણ્ય કયાં આવેલું છે?
(અ) પાટણ જિલ્લામાં (બ) ડાંગ જિલ્લામાં
(ક) કચ્છ જિલ્લામાં (ડ) બનાસકાંઠા જિલ્લામાં

૧૧ એશિયાની મોટામાં મોટી રિફાઈનરી ગુજરાતમાં કયા આવેલી છે?
(અ) કોયલી (બ) હજીરા
(ક) જામનગર (ડ) સુરત

૧૨ નીચેનામાંથી કઈ નદી 'કુમારીકા' કહેવાય છે?
(અ) સાબરમતી (બ) મહી
(ક) બનાસ (ડ) તાપી

૧૩ સુરખાબ નગર કયાં આવેલું છે ?
(અ) જામનગર (બ) જૂનાગઢ
(ક) પોરબંદર (ડ) કચ્છ

૧૪ નીચેનામાંથી કયુ કુદરતી સરોવર છે?
(અ) મલાવ (બ) નળ
(ક) સુરસાગર (ડ) કાંકરીયા

૧૫ શામળાજી પાસે કઈ નદી પર બંધ બાંધવામાં આવેલ છે?
(અ) હાથમતી (બ) સાબરમતી
(ક) શેઢી (ડ) મેશ્વો

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટ**

- ૨૦ ઓગસ્ટ :
  - મંગળની ધરતી પર ગોઠવવા અમેરિકાએ વાઈકીંગ-૧ સ્પેસક્રાફ્ટ લોન્ચ કર્યું (૧૯૭૫)
  - મશહુર અમેરિકન આર્ટીકેટ એરો સારીનેનનો જન્મદિવસ (૧૯૧૦)
  - જાણીતા સાહિત્યકાર ચંદ્રકાન્ત બક્ષીનો જન્મદિવસ (૧૯૩૨)
  - પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીનો જન્મદિવસ (૧૯૪૪)
- ૨૧ ઓગસ્ટ :
  - લિયો નાર્દો દ વિન્ચીનું મશહુર સર્જન મોનાલીસા ચિત્ર ચોરાયું
  - સાહિત્યકાર કાકાસાહેબ કાલેલકરનું નિધન (૧૯૮૧)
  - ભારત રત્ન સન્માનિત ઉસ્તાદ બિસ્મીલ્લા ખાનનું નિધન (૨૦૦૬)
  - સાહિત્યકાર રામનારાયણ પાઠકની પુણ્યતિથિ (૧૯૫૫)
- ૨૨ ઓગસ્ટ :
  - હેન્રી ટુડોર અને યોગેસ્ટીના રાજા રીચાર્ડ-૩ વચ્ચે થયેલ રોસેસ યુદ્ધનો અંત આવ્યો (૧૪૮૫)
  - મશહુર ફ્રેન્ચ ફોટોગ્રાફર હેન્રી કાર્ટીસ બ્રેસોનનો જન્મદિવસ (૧૯૦૮)
  - ચીનના કોમ્યુનિસ્ટ લીડર ડેન્ગ ઝીઓપીંગનો જન્મદિવસ (૧૯૦૦૪)
  - ઓસ્ટ્રેલિયાની શોધ કરનાર. બ્રિટીશ કેપ્ટન કૂકનો જન્મદિવસ (૧૭૭૦)
- ૨૩ ઓગસ્ટ : ગુલામી વિરોધી દિવસ
  - સાહિત્યકાર પ્રવીણ દરજીનો જન્મદિવસ (૧૯૪૪)
  - ફ્રેન્ચ ઝુઓલોજીસ્ટ બેરોન જહોજે કુવીઅરનો જન્મદિવસ (૧૭૬૯)
  - લાભ શંકર ઉમિયા શંકરનો જન્મદિવસ (૧૮૪૫)
  - અમેરિકન બાસ્કેટ બોલ પ્લેયર કોલ બ્રીમન્ટનો જન્મદિવસ (૧૯૭૪)
- ૨૪ ઓગસ્ટ : વિશ્વ ગુજરાતી ભાષા દિવસ
  - યશોધર મહેતાનો જન્મદિવસ (૧૯૪૯)
  - સાહિત્યકાર અને નીડર પક્ષકાર કવિ નર્મદનો જન્મદિવસ (૧૮૩૩)
  - પેલેસ્ટીયન લીડર આસર અરાફાતનો જન્મદિવસ (૧૯૨૯)
  - સ્ટીવ જોબે એપલના સીઈઓ તરીકે રાજીનામું આપ્યું (૨૦૧૧)
- ૨૫ ઓગસ્ટ :
  - તેજસ્વી વિચારક જયંતી દલાલની પુણ્યતિથિ (૧૯૭૦)
  - વાસ્કો ડી ગામા કાલીકટ બંદરે ઉતર્યો (૧૪૯૮)
  - સાહસવીર શ્રેષ્ઠી નાનજીભાઈ કાલીદાસ મહેતાનું નિધન (૧૯૬૯)
  - મશહુર બ્રિટીશ એક્ટર સીન કોનેરીનો જન્મદિવસ (૧૯૩૦:
- ૨૬ ઓગસ્ટ :
  - ફ્રેન્ચ રસાયણ વૈજ્ઞાનિક એન્ટોની બ્યુરેન્ટ બેવોસીયરનો જન્મદિવસ (૧૭૪૩)
  - 'કેસરી' પત્રના સંપાદક શ્રીકૃષ્ણજી પ્રભાકરનું નિધન (૧૯૪૮)
  - ડાયનેમોના શોધક માઈકલ ફેરાડોને જન્મદિવસ (૧૭૯૧)

**ગયા સપ્તાહના સવાલનો જવાબ**

જાસુસી બાબતે ચાલતા વિવાદમાં ઈઝરાયેલના કયા સોફ્ટવેરની ચર્ચા થઈ રહી છે?

જવાબ : પેગાસસ

**સાચા જવાબ આપનાર પત્રમિત્રો**

(૧) શિવાંગ બી પટેલ : સરગાસણ
(૨) ઋજિત રાવત : સે-૭
(૩) નટુભાઈ દરજી : પેથાપુર
(૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા.કૉલેજ
(૫) મૂળજીભાઈ પરમાર : સે-૭
(૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ
(૭) હાર્દિક ભટ્ટ : સે-૨૪

**આ સપ્તાહનો સવાલ**

તાલીબાને અફઘાનિસ્તાન પર કબજો જમાવતાં કયા નેતા દેશ છોડી ભાગી ગયા ?

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# હવાઈ સફર થોડા મઝા, ઝાઝી સજા?



હળવે હૈયે
પ્રકાશ લાલા

પહેલીવાર વિમાનમાં સફર કરવાનો આનંદ-રોમાંચ હોય પછી હવાઈ મુસાફરીમાં એટલો રોમાંચ નથી અનુભવાતો. પ્લેન જ શું કામ - પિકચર, પુસ્તક, પ્રેમ - એ બધામાં એવું નથી થતું ? કોઈ પિકચર પહેલી વાર જોવા જે મજા આવી હોય તે બીજી વાર જોવામાં નથી જ આવતી... એકની એક બુક બીજી વાર વાંચવામાં પ્રથમ વાર જેટલો રસ ન પણ પડે. પહેલી વાર પ્રેમમાં પડનારને જે ખુશી હોય તેટલી બીજીવારમાં ન હોય તે 'બટ નેચરલ' છે...

નાના હતા ત્યારે આકાશને આંબતાં વિમાનોને જોઈને ભારે કૌતુક - કુતૂહલ થતું. (૬૦-૬૫ વર્ષ પહેલાની વાત છે... આજે તો નાના બાળકોને એની નવાઈ નથી રહી.) વેકેશનમાં ગામડેથી અમદાવાદ આવીએ ત્યારે મામા શરિવારે કેમ્પ હનુમાન ફરવા - દર્શન કરવા અને પછી એરપોર્ટ દેખાડવા લઈ જતા. ત્યાં આમ દૂરથી પરંતુ પ્રમાણમાં પાસેથી ચઢતા ઉતરતાં કે ઊભેલાં હાથી જેવડા વિમાનોને જોઈને રાજી થઈ જવાતું. (ગામડે દોસ્તારો પાસે આ વાતનો વટ મારવા મળશે એ વિચારે વધુ રાજી કરી દેતો.) વળી, પરદેશ જઈ વસેલા ને વિમાને ચઢીને દેશમાં પધારેલી ગામની કોઈ વ્યક્તિ કે કોઈ સગાં-સ્વજનને જોતા તો અહોભાવથી જોઈ જ રહેતા.

આજે હવે સમજાય છે કે પ્લેનની મુસાફરી સસ્તી તો નથી જ હોતી, પણ સહેલી ને સરળે ય નથી હોતી.... ઉલ્ટાની ભારે કંટાળાજનક હોય છે કેમ કે પ્લેનમાં પરદેશ જતાં પહેલાં પૂર્વ તૈયારીમાં યુદ્ધની માફક કેટલાય કોઠા વીંધવા પડતા હોય છે....

સૌથી પહેલો કોઠો એ એરલાઈન્સે એલાઉ કરેલા વજનની બેગો ભરવી. ટિકિટ બુક થતાં જ સાથે શું શું લઈ જવું એની યાદીઓ બનાવી, એ મુજબ વસ્તુઓની ખરીદી - ભેગી કરીને બેગોમાં છલવાય પણ બેગોનું વજન કરતાં કાંટો ફી બેગેઝ - લગેજ કરતાં વધારે હોવાનું બતાવે એટલે મુંઝવણ શરૂ થાય... લઈ જવાની લાંબી યાદી ટૂંકાવવાની કવાયત કરવાની શરૂ થાય... ભરેલી બેગોમાંથી ઘણું પાછું કાઢવું પડે... હવે 'શું શું લઈ જઈએ.' તે કરતાં 'શું શું ના લઈ જઈએ' એ વાત ઉપર વિચારણા શરૂ થાય... પરિવાદના સૌ સભ્યોને 'આ તો લઈ જવું પડશે - આના વિના નહીં ચાલે.' એવા આગ્રહોના કારણે, સંમતિ સધાય તો ઠીક, બાકી વાદ-વિવાદ ને ગરમાગરમી ચઢભઢ ચાલુ...

આ વિઘ્નો પછી થોડું ઘણું આઘું પાછું કરીને નિયમ મુજબ વજન ભરેલી ભેગો પેક કરીને પહેલો કોઠો પાર કરીએ... એરપોર્ટ પર પહોંચ્યા પછી ત્યાંનો વજન કાંટો આપણા ઘરના કાંટા અમાન્ય કરી દઈ, વધારે વજન દર્શાવે (ને મોટે ભાગે એવું થતું હોય છે!) એટલે ત્યાં એક બાજુ બેસીને, વધારાનું વજન કાઢવાના ઉદામા કરવાના... છેલ્લી ઘડીઓ શું કાઢી નાખવું ને શું રાખવું એનું ટેન્શન કંઈ ઓછું નથી હોતું... મતલબ બીજો કોઠો એટલે ઘરના વજન કાંટા અને એરપોર્ટના વજન કાંટાની 'કાંટે કી ટક્કર !'

ત્રીજો કોઠો તે સિક્યુરિટી ચેક... આતંકવાદના ઉપદ્રવ પછી તો સિક્યુરિટી ચેકમાં બૂટ-મોજા - જાકિટ, કોટ, પૈસા - પાકિટ, પટ્ટા - રિસ્ટ વોચ -વીંટી, દોરો બધું જ કાઢી નાખવાનું કહેવામાં આવે છે... (સાવ અનાવૃત્ત થવાનું જ બાકી રાખે છે...) મેટલ ડિરેકટરમાંથી પસાર થવાનું, હાથ-ઊંચા-નીચા કરાવે તે કરવાના - એમાંથી પસાર થઈને, જે જે કાઢવું હોય તે એક્સ-રેમાંથી પસાર થઈને આવે એટલે યાદ કરીને લઈ લેવાનું જો પુન: ધારણ કરવાનું. બોલો, નિરાંત?

ચાલો, આ ત્રીજા કોઠો હેમખેમ પસાર કરો પછી પ્લેનમાં બોર્ડિંગ માટે રાહ જોઈને બેસવાનો કંટાળા ભર્યા ચોથો કોઠો ભેદવાનો હોય છે...

બોર્ડિંગ શરૂ થાય એટલે કેબિન લગેજ લઈને પ્લેનમાં પ્રવેશવાનું, એર હોસ્ટેલના સ્મિતભર્યા 'વેલકમ સર' ના શબ્દો સામે 'થેન્ક્યુ' બોલીને, ગોઠવાઈ જવાની ઉતાવળ સાથે, સાંકડા પેસેજમાં આપણી શીટ શોધતા શોધતાં આપણી માફક સીટ શોધી રહેલા બીજા પેસેન્જર્સ અથડાઈ ન જવાય, આપણી હેન્ડ બેગ કોઈને અને કોઈની બેગ આપણને 'ઈન્જર્ડ' ન કરે તેવી સાવચેતી રાખતા રાખતા, પોતાની સીટ સુધી પહોંચવાનું કામ યુદ્ધનો એક કોઠો વીંધવાથી કમ નથી હોતું !

પોતાની સીટ પર પહોંચ્યા પછી, હેન્ડ બેગ ઠેકાણે પાડે ત્યાં સુધીમાં ઘરેથી 'ફ્રેશ' થઈને નીકળેલા પ્લેનના પ્રવાસી પેસેન્ડર કંટાળાથી એવા 'ઢીલાઢલ' ને થાકથી 'ટેં' થઈ ગયા હોય કે 'ધબ' દઈને સીટ ઉપર 'હાશ' કરતા બેસી જ પડે... આ જ કારણે કેટલાક પેસેન્જર્સ તો આ તમામ કોઠા પાર કરવાના પુરુષાર્થના પરિણામે (અને ઈન્ટરનેશનલ ફલાઈટ્સ મોડી રાતે જ ઉપડતી હોવાથી આખી રાતના ઉજાગરાના કારણે પણ...) બેઠા ભેગા જ નસ્કોરાં બોલાવવાં માંડતા હોય છે... બોલો, લાગે છે ને કે પ્લેનની સફર મોંઘી ને કેટલી માથાકૂટ ભરેલી હોય છે!

હવે તો એરપોર્ટ ઉપર રેલવે કે બસ સ્ટેન્ડ જેવી ને જેટલી ભીડ જોવા મળે છે... 'ફલાઈટ ડીલે' ના કિસ્સા આપણને મોડી પડતી ટ્રેઈનની યાદ અપાવે છે... સિક્યુરિટીના નામે જાતજાતની હેરાનગતિનો સામનો કરવો પડતો હોવાથી પણ કહું છું કે વિમાન પ્રવાસ પહેલાં જેવો 'રોયલ,' 'રીચ' જો 'રોમાંચક' નથી રહ્યો એ નક્કી !! 'કભી ખુશી, કભી ગમ' ની માફક હવાઈ સફર એટલે 'થોડી મજા, ઝાઝી સજા'!!